नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

आगम- २७

# ભક્તપરિજ્ઞા

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૨૭

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૨૭) ભક્તપરિજ્ઞા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

-: ટાઈપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૨૭ 'ભક્તપરિજ્ઞા'

## પ્રકીર્ણક સૂત્ર– ૪ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | મંગલ અને જ્ઞાનની મહત્તા | ૦૬ | ૪ | આલોચના-પ્રાયશ્ચિત | ૦૬ |
| ૨ | શાશ્વત અશાશ્વત સુખ | ૦૬ | ૫ | વ્રત-સામાયિક-આરોપણ આદિ | ૦૭ |
| ૩ | મરણના ભેદો | ૦૬ | ૬ | આચરણા-ખામણા-ઉપદેશ આદિ | ૦૮ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | -1- **आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | -2- **आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | 04 |
| | -3- **आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | -3- **ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | -4- **आगमिय सूक्तावली** | 01 |
| | -5- **आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति** -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति** -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह (प्रा-सं-गु)** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- **आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |
| | | | | | |

1-આગમ સાહિત્ય (કુલ પુસ્તક) 518

2-આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [૨૭] ભક્તપરિજ્ઞા

## પ્રકીર્ણકસૂત્ર–૪– ગુજરાતી ભાવાનુવાદ

સૂત્ર–૧.

મહાઅતિશયવંત, મહાનુભાવ મુનિ મહાવીરસ્વામીને નમીને પોતાને અને બીજાને સ્મરણ કરવા માટે હું ભક્તપરિજ્ઞા કહીશ.

સૂત્ર–૨.

સંસારરૂપી ગહન વનમાં ભમતા, પીડાયેલા જીવે જેને આશરે મોક્ષ સુખને પામે છે, તે કલ્પવૃક્ષના ઉદ્યાન સમાન સુખને આપનારુ જૈન શાસન જયવંતુ વર્તે છે.

સૂત્ર–૩.

દુર્લભ મનુષ્યત્વ અને જિનવચન પામી સત્પુરુષોએ શાશ્વતસુખના રસિક અને જ્ઞાનને વશવર્તી થવું જોઈએ

સૂત્ર–૪, ૫

૪. જે સુખ આજ થવાનું, તે કાલે સંભારવા યોગ્ય થશે, તેથી પંડિતો ઉપસર્ગરહિત મોક્ષસુખ વાંછે.

૫. મનુષ્ય અને દેવતાનું સુખ પરમાર્થથી દુઃખ જ છે, કેમ કે પરિણામે દારુણ અને અશાશ્વત છે. તેનાથી શું?

સૂત્ર–૬, ૭

૬. જિનવચનમાં વિશુદ્ધ બુદ્ધિવાળાએ શાશ્વત સુખનું સાધન જે જિનાજ્ઞાનું આરાધન છે, તે માટે ઉદ્યમ કરવો.

૭. જિનપ્રણિત જ્ઞાન, દર્શન ચારિત્ર, તપનું જે આરાધન, તે જ અહીં આજ્ઞાનું આરાધન કહ્યું છે.

સૂત્ર–૮

દિક્ષા પાલનમાં તત્પર (અપ્રમત્ત) આત્મા પણ મરણ અવસરે સૂત્રમાં કહ્યા મુજબ આરાધના કરતો સંપૂર્ણ આરાધકપણુ પામે.

સૂત્ર–૯

મરણ રૂપ ધર્મ નથી એવા ધીરોએ(વીતરાગોએ) તે ઉદ્યમવંતનું મરણ ત્રણ ભેદે કહ્યું છે – ભક્તપરિજ્ઞા, ઇંગિનિ મરણ અને પાદપોપગમ.

સૂત્ર–૧૦ થી ૧૪

૧૦. ભક્તપરિજ્ઞા મરણ બે ભેદે – સવિચાર, અવિચાર. સંલેખનાથી દુર્બળ શરીરી સપરાક્રમી મુનિનું સુવિચાર

૧૧. અને અપરાક્રમી સાધુનું સંલેખના રહિત જે મરણ તે અવિચાર ભક્ત પરિજ્ઞા મરણ.

... તે અવિચાર ભક્ત પરિજ્ઞા મરણ ને હું યથામતિ કહીશ.

૧૨. ધૃતિ-બલરહિત અકાળ મરણ કરનાર અને અકૃત ના કરનાર એવા નિરવદ્ય વર્તમાનકાલિક યતિ નિરુપસર્ગ મરણ યોગ્ય છે.

૧૩. પ્રશમસુખપીપાસુ, શોક-હાસ્ય રહિત, જીવિત વિશે આશારહિત, વિષયસુખની તૃષ્ણા રહિત, વીતરાગ, ધર્મના ઉદ્યમથી જેને સંવેગ થયેલો છે એવો (ભક્ત પરિજ્ઞા મરણને યોગ્ય છે).

૧૪. નિશ્ચિત મરણાવસ્થા કરેલ, સંસારનું વ્યાધિગ્રસ્ત અને નિર્ગુણપણુ જાણેલો એવો ભવ્ય યતિ કે ગૃહસ્થ ભક્તપરિજ્ઞા મરણને યોગ્ય જાણવો.

**૧૫.** પશ્ચાત્તાપથી પીડિત, જેને ધર્મ પ્રિય છે, દોષને નીંદવાની તૃષ્ણાવાળો, દોષ અને દુઃશીલપણાથી યુક્ત એવા પાર્શ્વસ્થ પણ તે અનશનને યોગ્ય છે.

**૧૬.** વ્યાધિ-જરા-મરણરૂપી મગરોવાળો, નિરંતર જન્મ રૂપ પાણીસમૂહવાળો, પરિણામે દારુણ દુઃખને આપનારો, ભવસમુદ્ર ઘણો દુરંત છે.

**સૂત્ર–૧૭, ૧૮**

૧૭. આ અનશનથી હર્ષ સહિત ગુરુ પાદમૂલે આવીને વિનયથી હસ્ત કમળ મુગટ રૂપે કપાળે રાખી, ગુરુને વાંદીને આમ કહે છે –

૧૮. સત્પુરુષ ! ભક્તપરિજ્ઞા રૂપ ઉત્તમ વહાણે ચઢી નિર્યામક ગુરુ વડે સંસારરૂપી સમુદ્ર તરવાને ઇચ્છું છું.

**સૂત્ર–૧૯ થી ૨૨**

૧૯. દયારૂપ અમૃતરસથી સુંદર તે ગુરુ પણ તેને કહે છે –હે વત્સ! આલોચના લઈ, વ્રત ઉચ્ચરી, સર્વેને ખમાવવાપૂર્વક ભક્તપરિજ્ઞા સ્વીકાર.

૨૦. ઇચ્છં, કહી ભક્તિ-બહુમાનથી શુદ્ધ સંકલ્પવાળો, ગયેલા અનર્થવાળા ગુરુનાં ચરણને વિધિપૂર્વક વાંદીને .....

૨૧. શલ્યને ઉદ્ધરવા ઇચ્છતો, સંવેગ-ઉદ્વેગથી તીવ્ર શ્રદ્ધાવાળો, શુદ્ધિ માટે જે કંઈ કરે, તેથી તે આરાધક થાય.

૨૨. હવે તે આલોચના દોષરહિત, બાળકની જેમ બચપણથી જેમ આચર્યુ હોય તેમ સમ્યક્ પ્રકારે આલોચે.

**સૂત્ર–૨૩ થી ૨૮**

૨૩. આચાર્યના સમગ્ર ગુણે યુક્ત આચાર્ય પ્રાયશ્ચિત્ત આપે ત્યારે સમ્યક્ રીતે તપ આદરી નિર્મળ ભાવવાળો શિષ્ય ફરી કહે –

૨૪. દારુણ દુઃખરૂપ જળચર સમૂહથી ભયંકર સંસારરૂપી સમુદ્રથી તારવાને સમર્થ નિર્વિઘ્ન વહાણ સમ મહાવ્રતમાં અમને સ્થાપો.

૨૫.કોપને ખંડેલ તેવો અખંડ મહાવ્રતી યતિ છે, તો પણ પ્રવ્રજ્યા ઉપ-સ્થાપના ને યોગ્ય છે.

૨૬. સ્વામીની સારી રીતે પાલિત આજ્ઞાને જેમ ચાકર વિધિ વડે બજાવી પાછી આપે તેમ જાવજ્જીવ ચારિત્ર પાળી ગુરુને એમ જણાવે.

૨૭. જેણે સાતિચાર વ્રત પાળ્યું, કે કપટ દંડે વ્રત ખંડ્યુ એવા પણ સમ્યક્ ઉપસ્થિત થયેલા તે(શિષ્ય)ને ઉપસ્થાપના કહી છે.

૨૮. ત્યારપછી મહાવ્રતરૂપ પર્વતના ભારથી નમેલા મસ્તકવાળા તે શિષ્યને સુગુરુ વિધિ વડે મહાવ્રતની આરોપણા કરે.

**સૂત્ર– ૨૯**

હવે દેશવિરતિ શ્રાવક, સમકિતમાં રક્ત અને જિનવચન વિશે તત્પર હોય તેને પણ મરણ વખતે શુદ્ધ અણુવ્રત આરોપાય છે.

**સૂત્ર–૩૦, ૩૧**

૩૦. નિયાણા રહિત, ઉદાર ચિત્તવાળો, હર્ષને વશ વિકસિત રોમરાજીવાળો તે ગુરુ-સંઘ-સાધર્મિકની નિષ્કપટ પૂજા ભક્તિ કરે.

૩૧. જિનેન્દ્ર પ્રાસાદ, જિનબિંબ, ઉત્તમ પ્રતિષ્ઠા, પ્રશસ્ત પુસ્તક લખાવવા, સુતીર્થ અને તીર્થંકરની પૂજામાં શ્રાવક પોતાનું દ્રવ્ય વાપરે.

**સૂત્ર–૩૨, ૩૩**

૩૨. જો તે સર્વવિરતિ વિશે પ્રીતિવાળો, વિશુદ્ધ મનકાયાવાળો, સ્વજનના અનુરાગ રહિત, વિષય ઉપર ખેદવાળો અને વિરક્ત હોય.

૩૩. તે સંથારા પ્રવ્રજ્યાને સ્વીકારે અને નિયમથી દોષરહિત સર્વ વિરતિ પ્રધાન સામાયિક ચારિત્ર સ્વીકારે.

**સૂત્ર–૩૪, ૩૫**

૩૪. હવે તે સામાયિક ચારિત્રધર અને મહાવ્રત અંગિકારકર્તા સાધુ તથા છેલ્લું પચ્ચક્ખાણ કરવાના નિશ્ચયવાળો દેશવિરતિ શ્રાવક.

૩૫. મોટા ગુણો વડે મહાન ગુરુના ચરણકમળમાં મસ્તક નમાવીને કહે છે – ભગવન્! આપની અનુમતિથી હું ભક્ત-પરિજ્ઞા સ્વીકારું છું.

**સૂત્ર–૩૬ થી ૩૯**

૩૬. આરાધના વડે તેને(અનસન લેનારને અને પોતાને કલ્યાણ થાય તેમ દિવ્ય નિમિત્તથી જાણીને આચાર્ય અનશન કરાવે,

૩૭. નહીં તો (નિમિત્ત જોયા વિના લેવાય તો) દોષ લાગે. પછી ગુરુ ઉત્કૃષ્ટા સર્વે દ્રવ્યો તેને દેખાડીને ત્રિવિધ આહારના જાવજ્જીવ પચ્ચક્ખાણ કરાવે.

૩૮. તે જોઈને કાંઠે પહોંચેલા મારે આના વડે શું ? એમ કોઈ ચિંતવે, કોઈ ભોગવીને સંવેગ પામીને ચિંતવે-

૩૯. શું મેં ભોગવીને છાંડ્યુ નથી. પવિત્ર પદાર્થો પરિણામે અશુચિ છે એમ સમજી શુભ ધ્યાન કરે, વિષાદ પામે તેને ચોયણા કરવી(પ્રેરણા આપવી).

**સૂત્ર–૪૦ થી ૪૨**

૪૦. ઉદરમલની શુદ્ધિ માટે સમાધિપાન તેને સારું હોય તો મધુર પાણી પાવું અને થોડું થોડું વિરેચન કરાવવું.

૪૧. એલચી, તજ, કેસર, તમાલપત્ર, સાકરવાળુ દૂધ કઢીને ટાઢુ પાડી પાવું, તે સમાધિ પાણી કહીએ.

૪૨. પછી ફોફલાદીથી મધુર ઔષધનું વિરેચન કરાવવું, જેથી ઉદરાગ્નિ શાંત થતા તે સુખે સમાધિ પામે.

**સૂત્ર–૪૩ થી ૪૬**

૪૩. અનશનકર્તા સાધુ ચાવજ્જીવ ત્રિવિધ આહારને વોસિરાવે છે, એમ નિર્યામક આચાર્ય સંઘને નિવેદન કરે.

૪૪. તે સાધુને આરાધક નિમિત્તક બધું નિરૂપસર્ગપણે વર્તે, તે માટે સર્વ સંઘે ૨૫૬ઉચ્છ્વાસ કાયોત્સર્ગ કરવો.

૪૫. પછી સંઘ સમુદાય મધ્યે ચૈત્યવંદનપૂર્વક તે તપસ્વીને આચાર્ય, ચતુર્વિધ આહારનું પચ્ચક્ખાણ કરાવે

૪૬. અથવા સમાધિહેતુ ત્રિવિધ આહારને સાગાર પચ્ચક્ખે. ત્યારપછી પાનકને પણ અવસરે વોસિરાવે.

**સૂત્ર–૪૭ થી ૪૯**

૪૭. પછી મસ્તક નમાવી, બે હાથને મસ્તકે મુગટ સમાન કરીને તે(અનશન કરનાર) વિધિ વડે સંવેગ પમાડતો સર્વ સંઘને ખમાવે.

૪૮. આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, કુલ, ગણ ઉપર મેં જે કંઈ કષાય કર્યા હોય તે સર્વે હું ત્રિવિધે ખમાવુ છું.

૪૯. ભગવન્ ! મારા સર્વે અપરાધપદ હું ખમાવુ છું, માટે મને ખમો(ક્ષમા કરો). હું પણ ગુણસમૂહવાળા સંઘને શુદ્ધ થઈને ખમાવું છું.

૫૦. આ રીતે વંદન, ખામણા, સ્વનિંદા વડે સો ભવનું ઉપાર્જેલું કર્મ એક ક્ષણ માત્રમાં મૃગાવતી રાણી માફક ક્ષય કરે છે.

સૂત્ર–૫૧ થી ૫૫

૫૧. હવે મહાવ્રતમાં નિશ્ચલ, જિનવચનથી ભાવિત મનવાળા, આહારના પચ્ચક્ખાણ કરનાર અને તીવ્ર સંવેગથી સુખી તે અનશન કરનાર ...

૫૨. અનશનની આરાધનાના લાભથી પોતાને કૃતાર્થ માનનાર, તેને આચાર્યશ્રી પાપરૂપ કાદવને ઓળંગવા લાકડી સમાન શિક્ષા આપે છે,

૫૩. જેનું કદાગ્રહરૂપ મૂલ વધેલ છે, તેવા મિથ્યાત્વને મૂળથી ઉખેડી હે વત્સ ! પરમતત્ત્વ સમ્યક્ત્વને સૂત્રનીતિથી વિચાર.

૫૪. ગુણના અનુરાગથી વીતરાગની તીવ્ર ભક્તિ કર. તથા પ્રવચનના સારરૂપ પંચનમસ્કારમાં અનુરાગ કર.

૫૫. સુવિહિત સાધુને હિતકર સ્વાધ્યાય વિશે ઉદ્યમવંત થા. નિત્ય પંચ મહાવ્રતનું રક્ષણ કર.

સૂત્ર–૫૬ થી ૫૯

૫૬. મોહથી મોટા અને શુભકર્મમાં શલ્ય સમાન નિયાણ શલ્યનો ત્યાગ કર, મુનિન્દ્ર સમૂહે નિંદેલ ઈન્દ્રિય રૂપી મૃગેન્દ્રોને દમ.

૫૭. નિર્વાણસુખમાં અંતરાયરૂપ, નરકાદિમાં ભયંકર પાતકારી અને વિષયતૃષ્ણામાં સદા સહાયક કષાય-પિશાચને હણ.

૫૮. કાળ ન પહોંચતા અને હમણા થોડું શ્રામણ્ય બાકી રહેતા, મોહમહાવૈરીને વિદારવાને ખડ્ગ અને લાડી સમાન હિતશિક્ષાને સાંભળ.

૫૯. સંસારના મૂળબીજરૂપ મિથ્યાત્વને સર્વ પ્રકારે ત્યાગ કર. સમ્યક્ત્વમાં દૃઢ ચિત્ત થઈ, નમસ્કાર ધ્યાનમાં કુશળ થા.

સૂત્ર–૬૦ થી ૬૨

૬૦. જેમ માણસો પોતાની તૃષ્ણા વડે મૃગતૃષ્ણામાં (ઝાંઝવાના જળમાં પાણી માને, તેમ મિથ્યાત્વમૂઢ મનવાળો કુધર્મથી સુખની ઈચ્છા કરે.

૬૧. તીવ્ર મિથ્યાત્વ જીવોને જે મહાદોષ કરે, તે દોષ અગ્નિ, વિષ કે કૃષ્ણસર્પ પણ ન કરે.

૬૨. મિથ્યાત્વમોહિતચિત્ત અને સાધુ દ્વેષ રૂપ પાપથી તુરૂમણીના દત્તરાજા માફક અહીં જ તીવ્ર દુઃખ પામે.

સૂત્ર–૬૩

સર્વ દુઃખનો નાશ કરનાર સમ્યક્ત્વ વિશે પ્રમાદ ન કરીશ, કેમ કે સમ્યક્ત્વને આધારે જ્ઞાન, તપ, વીર્ય અને ચારિત્ર રહેલ છે.

સૂત્ર–૬૪

૬૪. ભાવાનુરાગ, પ્રેમાનુરાગ અને સદ્ગુણાનુરાગ રક્ત છો, તેવો જ જિનશાસનને વિષે, તું હંમેશા ધર્મના અનુરાગ થી રક્ત થા.

સૂત્ર–૬૫ થી ૬૯

૬૫. દર્શનભ્રષ્ટ તે સર્વથી ભ્રષ્ટ જાણવો, પણ ચારિત્રથી ભ્રષ્ટ થયેલ સર્વભ્રષ્ટ થતો નથી.

૬૬. દર્શન પ્રાપ્ત જીવને સંસારમાં પરિભ્રમણ નથી.

૬૭. દર્શનથી ભ્રષ્ટને સર્વભ્રષ્ટ જાણવો. દર્શનથી ભ્રષ્ટને મોક્ષ નથી,

૬૮. ચારિત્રથી રહિત જીવ મુક્તિ પામે છે, દર્શન રહિત મોક્ષ પામતો નથી.

૬૯. શુદ્ધ સમ્યક્ત્વથી અવિરતિ પણ તીર્થંકર નામકર્મ ઉપાર્જે, જેમ કૃષ્ણ અને શ્રેણિકે ઉપાર્જ્યું છે. વિશુદ્ધ

સમકિતી કલ્યાણની પરંપરાને પામે છે. કેમ કે સમ્યક્ત્વ રૂપ રત્ન સૂર-અસુર લોકમાં અમૂલ્ય છે. ત્રણ લોકની પ્રભુતા પછી પણ ળે કરી જીવ પડે છે, પણ સમકિત પામી અક્ષય સુખ મોક્ષ પામે છે.

### સૂત્ર–૭૦ થી ૭૨

૭૦. અરિહંત, સિદ્ધ, ચૈત્ય, પ્રવચન, આચાર્ય અને સર્વ સાધુને વિશે ત્રિકરણ શુદ્ધભાવથી તીવ્ર ભક્તિ કર.

૭૧. એકલી જિનભક્તિ દુર્ગતિ નિવારવા સમર્થ છે અને સિદ્ધિ પામતા સુધી દુર્લભ સુખ પરંપરા આપે છે.

૭૨. વિદ્યા પણ ભક્તિવાનને સિદ્ધ થાય છે અને ફળદા હોય છે, તો મોક્ષવિદ્યા અભક્તિવંતને કેમ ફળે?

### સૂત્ર–૭૩ થી ૭૫

૭૩. તે આરાધનાના નાયકની વીતરાગ ભગવાનની જે માણસ ભક્તિ ન કરે, તે ઘણો ઉદ્યમ કરતો ઉખરભૂમિમાં ડાંગર વાવે છે.

૭૪. આરાધકની ભક્તિ ન કરીને આરાધના ઈચ્છતો માણસ બી વિના ધાન્યને અને વાદળા વિના વર્ષાની ઈચ્છા કરનારો છે.

૭૫. રાજગૃહે મણિકાર શ્રેષ્ઠીનો જીવ જે દેડકા થયો, તેની માફક જિનેશ્વરની ભક્તિથી ઉત્તમ કુળમાં ઉત્પત્તિ અને સુખની પ્રાપ્તિ થાય છે.

### સૂત્ર–૭૬ થી ૮૧

૭૬. આરાધનાપૂર્વક, અન્ય સ્થાને ચિત્ત ન રોકીને, વિશુદ્ધ લેશ્યાથી સંસારનાં ક્ષયને કરનારો નવકારને તું મૂકતો નહી.

૭૭. મરણકાળે જો અરહંતને એક નમસ્કાર થાય તો સંસારનો નાશ કરવા સમર્થ છે, તેમ જિનવરે કહેલ છે.

૭૮. માઠા કર્મનો કરનારો મહાવત, જેને ચોર કહીને શૂળીએ ચડાવેલ, તે પણ ‘નમો જિણાણં’ કહેતા શુભધ્યાને કમલપત્રયક્ષ થયો.

૭૯. ભાવ નમસ્કાર રહિત નિરર્થક દ્રવ્યલિંગો જીવે અનંતીવાર ગ્રહણ કર્યા અને મૂક્યા છે.

૮૦. આરાધનારૂપ પતાકા લેવા નમસ્કાર હાથરૂપ છે, તેમજ સદ્‌ગતિના માર્ગે જવામાં જીવને અપ્રતિહત રથ સમાન છે.

૮૧.અજ્ઞાની ગોવાળ પણ નવકાર આરાધી મરીને ચંપા નગરીમાં શ્રેષ્ઠી પુત્ર સુદર્શન થયો.

### સૂત્ર–૮૨ થી ૮૬

૮૨. જેમ સુઆરાધિત વિદ્યાથી પુરુષ, પિશાચને વશ કરે, તેમ સુઆરાધિત જ્ઞાન મન પિશાચને વશ કરે છે.

૮૩. જેમ વિધિથી આરાધેલ મંત્ર વડે કૃષ્ણસર્પ ઉપશમે છે, તેમ સુઆરાધિત જ્ઞાન વડે મનરૂપ કૃષ્ણસર્પ વશ થાય.

૮૪. જેમ માંકડો ક્ષણમાત્ર પણ નિશ્ચલ ન રહી શકે તેમ વિષયોના આનંદ વિના મન ક્ષત્રમાણ મધ્યસ્થ (નિશ્ચલ) રહી ન શકે.

૮૫. તેથી તે ઉઠતા મનરૂપી માંકડાને જિનોપદેશ વડે દોરીથી બાંધી શુભધ્યાનમાં રમાડવો.

૮૬. જેમ દોરા સહિત સોય કચરામાં ખોવાતી નથી, તેમ શુભધ્યાન સહિત જીવ સંસારમાં હોય તો પણ નાશ ન પામે.

### સૂત્ર–૮૭, ૮૮

૮૭. જો લૌકિક શ્લોક વડે યવ રાજાને મરણથી બચાવ્યો અને રાજા સુશ્રામણ્ય પામ્યો, તો જિનોક્ત સૂત્રથી જીવ મરણના દુઃખથી બચે તેમાં શું કહેવું?

૮૮. અથવા ઉપશમ, વિવેક, સંવર એ ત્રણ પદના સ્મરણ માત્ર શ્રુતજ્ઞાનવાળો ચિલાતીપુત્ર જ્ઞાન અને દેવપણાને પામ્યો.

## સૂત્ર-૮૯ થી ૯૬

૮૯. જીવ વિશેષનાં ભેદને જાણીને જાવજ્જીવ પ્રયત્ન વડે સમ્યક્ મન-વચન-કાયયોગથી છકાય જીવના વધનો ત્યાગ કર.

૯૦. જેમ તમને દુઃખ પ્રિય નથી, એમ સર્વ જીવને પણ દુખ ગમતું નથી, એવું જાણીને સર્વ આદર વડે ઉપયુક્ત(સાવધાન) થઈ દરેક જીવને આત્મવત્ માની દયા કર.

૯૧. જેમ જગતમાં મેરુ પર્વતથી ઊંચું કોઈ નથી, આકાશથી કોઈ વિશાળ નથી, તેમ અહિંસા સમાન ધર્મ નથી તેમ તું જાણ.

૯૨. આ જીવ સર્વ જીવો સાથે સર્વ પણ સંબંધ પામ્યો છે, તેથી જીવોને મારતા સર્વ સંબંધીને મારે છે.

૯૩. જીવનો વધ તે આત્મવધ જાણવો, જીવ દયા તે આત્મદયા જાણવી, તેથી આત્માના સુખને ઈચ્છતા જીવોએ સર્વ જીવ હિંસા ત્યાગ કરી છે.

૯૪. ચાર ગતિમાં રખડતા જીવને જેટલા દુઃખ થાય છે, તે સર્વે હિંસાના સૂક્ષ્મ ફળ છે, તે સૂક્ષ્મ બુદ્ધિથી જાણ.

૯૫. જે કંઈ મોટું સુખ, પ્રભુપણુ, જે કઈ સ્વાભાવિક સુંદર છે તે આરોગ્ય અને સૌભાગ્ય બધું અહિંસાનું ફળ સમજવું.

૯૬. સુસુમારદ્રહમાં ફેંકાયેલો ચંડાલ, એક દિવસમાં, એક જીવ બચાવવાથી ઉત્પન્ન થયેલાઅહિંસા ગુણથી દેવનું સાંનિધ્ય પામ્યો.

## સૂત્ર-૯૭ થી ૧૦૧

૯૭. સર્વે પણ ચાર પ્રકારના અસત્ય વચનને પ્રયત્નપૂર્વક છોડ, જે માટે સંયમવાન્ પુરુષો પણ ભાષાનાં દોષથી (અસત્ય ભાષણ વડે કર્મથી) લેપાય છે.

૯૮. હાસ્યથી, ક્રોધથી, લોભથી, ભયથી તે અસત્ય ન બોલ, પણ જીવને હિતકારી, પ્રશસ્ત સત્ય બોલ.

૯૯. સત્યવાદી પુરુષ માતા પેઠે વિશ્વાસ્ય, ગુરુ માફક લોકને પૂજ્ય અને સગા માફક બધાને વહાલો લાગે છે.

૧૦૦. જટાવંત, શિખાવંત, મુંડ, વલ્કલી હોય કે નગ્ન હોય, પણ અસત્યવાદી લોકને વિશે પાખંડી અને ચંડાલ કહેવાય છે.

૧૦૧. એક વખત પણ બોલેલ જૂઠ ઘણા સત્યવચનનો નાશ કરે છે, કેમ કે એક અસત્ય વચનથી વસુરાજા નરકે ગયો.

## સૂત્ર-૧૦૨ થી ૧૦૬

૧૦૨. હે ધીર ! થોડું કે વધુ પારકું ધન, જેમ કે દાંત ખોતરવાની એક સળી પણ કોઈના આપ્યા વિના લેવાનું ન વિચારે.

૧૦૩. વળી જે પરદ્રવ્ય હરણ કરે છે, તે તેનું જીવિત પણ હરે છે, કેમ કે તે પૈસા માટે જીવનો ત્યાગ કરે છે, પૈસા નહીં.

૧૦૪. તેથી જીવદયારૂપ પરમ ધર્મને ગ્રહણ કરીને અદત્ત ન લે, કેમ કે તે જિનવર અને ગણધરે નિષેધેલ છે તથા લોક વિરુદ્ધ છે અને અધર્મ છે.

૧૦૫. ચોર પરલોકમાં પણ નરક, તિર્યંચમાં ઘણા દુઃખો પામે છે. મનુષ્યપણામાં દીન અને દરિદ્રતાથી પીડાય છે.

૧૦૬. ચોરીથી નિવર્તેલ શ્રાવકપુત્ર જેમ સુખ પામ્યો. કીઢી નામની ડોશીએ મોરપીંછ વડે અંગુઠો ચિતર્યો, તે નિશાનીથી ઓળખીને રાજાએ ચોરને માર્યા.

### સૂત્ર–૧૦૭ થી ૧૧૦

૧૦૭. નવ બ્રહ્મચર્ય ગુપ્તિથી તું શુદ્ધ બ્રહ્મચર્યનું રક્ષણ કર અને કામને ઘણા દોષોથી ભરેલ જાણ.

૧૦૮. ખરેખર જેટલા દોષો આલોક-પરલોકના દુઃખને કરનાર છે, તે બધા મનુષ્યની મૈથુન-સંજ્ઞા લાવે છે.

૧૦૯. રતિ-અરતિરૂપ ચંચળ બે જીભવાળા, સંકલ્પરૂપ પ્રચંડ ફણાવાળા, વિષયરૂપ બિલમાં વસતા, મદરૂપ મુખવાળા, ગર્વથી અનાદરરૂપ રોષવાળા (તથા)

૧૧૦. લજ્જારૂપ કાંચળીવાળા, અહંકારરૂપ દાઢવાળા દુઃસહ દુઃખકારી વિષવાળા કામભુજગથી ડસાયેલ માણસ અવશ થયેલા દેખાય છે.

### સૂત્ર–૧૧૧ થી ૧૧૩

૧૧૧. રૌદ્રનરકની વેદના અને ઘોર સંસાર સાગરનું વહન તે જીવ પામે છે, પણ કામિત સુખનું તુચ્છપણું તે જોતો નથી.

૧૧૨. જેમ કામના સેંકડો બાણથી વિદ્ધ અને ગૃદ્ધ વણિક રાણીએ પાયખાનાની ખાળમાં નાંખ્યો. અનેક દુર્ગંધ સહેતો ત્યાં રહ્યો.

૧૧૩. કામાસક્ત માણસ, વૈશ્યાયન તાપસ પેઠે ગમ્ય-અગમ્યને જાણતો નથી, જેમ કુબેરદત્ત શેઠ પોતાની માતા ઉપર સુરતસુખથી રક્ત થઈ રહ્યો.

### સૂત્ર–૧૧૪ થી ૧૧૮

૧૧૪. કંદર્પથી વ્યાપ્ત અને દોષરૂપ વિષની વેલડી સરખી સ્ત્રીઓને વિશે જેણે કામકલહને પ્રેર્યો છે એવા પ્રતિબંધને સ્વાભાવિક જોતા તમે છોડી દો.

૧૧૫. વિષયાંધ સ્ત્રી કુળ, વંશ, પતિ, પુત્ર, માતા, પિતાને ન ગણતી દુઃખ સમુદ્રમાં પાડે છે.

૧૧૬. સ્ત્રીઓ નીચગામીની, સારા સ્તનવાળી, મંદગતિવાળી નદી માફક મેરુ પર્વત જેવા પુરુષને પણ ભેદી નાંખે છે.

૧૧૭. અતિશય પરિચયવચાળી, પ્રિય, પ્રેમવંત એવી સ્ત્રીરૂપ સાપણમાં ખરેખર કોણ વિશ્વાસ કરે?

૧૧૮. હણાયેલી આશાવાળી સ્ત્રીઓ વિશ્વાસ સભર, ઉપકાર તત્પર અને ગાઢ પ્રેમવાળા પણ એકવાર અપ્રિય કરનાર પતિને જલદી મરણ પમાડે છે.

### સૂત્ર–૧૧૯ થી ૧૨૧

૧૧૯. સુંદર દેખાવવાળી, સુકુમાર અંગવાળી, ગુણ નિબદ્ધ નવી જાઈની માળા જેવી સ્ત્રીઓ હૃદયને હરે છે.

૧૨૦. પણ દર્શનની સુંદરતાથી મોહોત્પાદક તે સ્ત્રીની આલિંગન મદીરા, વધ્યમાળાની જેમ વિનાશ આપે છે

૧૨૧. સ્ત્રીઓનું દર્શન સુંદર છે, સંગમ સુખથી સર્યું, ગંધ સુગંધી હોવા છતાં માળાનું મર્દન વિનાશરૂપ છે.

### સૂત્ર–૧૨૨ થી ૧૨૪

૧૨૨. સાકેતપુરનો અધિપતિ દેવરતિ રાજા રાજ્યસુખથી ભ્રષ્ટ થયો. કેમ કે પાંગળાને માટે રાણીએ તેને નદીમાં ફેંક્યો અને તે ડૂબ્યો,

૧૨૩. સ્ત્રી શોકની નદી, દુરિતની ગુફા, કપટનું ઘર, કલેશકારી, વૈરાગ્નિ સળગાવનાર અરણી, દુઃખની ખાણ, સુખની વિરોધી છે.

૧૨૪. કામબાણના વિસ્તારવાળી મૃગાક્ષીના દૃષ્ટિ કટાક્ષો વિશે મનનો નિગ્રહ ન જાણનાર કયો પુરુષ નાશી

જવા સમર્થ થાય?

**સૂત્ર–૧૨૫ થી ૧૨૭**

૧૨૫. અતિ ઊંચા અને ઘણા વાદળાવાળી મેઘમાલા જેમ હડકવાના વિષને વધારે તેમ ઊંચા સ્તનવાળી સ્ત્રીઓ પુરુષના મોહવિષને વધારે છે.

૧૨૬. તેથી દૃષ્ટિવિષ સર્પની દૃષ્ટિ જેવી તે સ્ત્રીની દૃષ્ટિનો ત્યાગ કરો, સ્ત્રીના નેત્ર બાણ ચારિત્ર પ્રાણ વિનાશે છે.

૧૨૭. સ્ત્રીસંસર્ગથી અલ્પસત્ત્વી મુનિનું મન પણ અગ્નિથી મીણની જેમ ખરેખર જલદી પીગળી જાય છે.

**સૂત્ર–૧૨૮ થી ૧૩૦**

૧૨૮. જો સર્વસંગત્યાગી અને તપથી પાતળા અંગવાળી હોય તો પણ કોશા ભવને વસનાર ઋષિની માફક સ્ત્રીસંગથી મુનિ ચલિત થાય છે.

૧૨૯. શૃંગાર તરંગી, વિલાસ વેલાવાળી, યૌવન-જલવાળી, પ્રહસિત ફીણવાળી નારીનદીમાં મુનિએ ન ડૂબવું.

૧૩૦. ધીર પુરુષો વિષયરૂપ જળ, મોહરૂપ કાદવ, વિલાસ અને માનરૂપ જળચરથી ભરેલ અને મદરૂપ મગરવાળા યૌવનરૂપી સમુદ્રને વર્યા છે.

**સૂત્ર–૧૩૧ થી ૧૩૪**

૧૩૧. કરવા-કરાવવા-અનુમોદવાથી, મન-વચન-કાયાના યોગોથી અભ્યંતર-બાહ્ય સર્વ ગ્રંથનો તું ત્યાગ કર.

૧૩૨. સંગ પરિગ્રહ. નિમિત્તે જીવો હિંસા કરે, જૂઠું બોલે, ચોરી કરે, મૈથુન સેવે, અપરિમાણ મૂર્છા કરે છે.

૧૩૩. સંગ પરિગ્રહ. મહાભય છે, પુત્રે દ્રવ્ય ચોર્યું છતાં શ્રાવક કુંચિકે મુનિપતિને વહેમથી પીડ્યા.

૧૩૪. સર્વ ગ્રંથ વિમુક્ત, શીતળ પરિણામી, પ્રશાંત ચિત્ત પુરુષ સંતોષનું જે સુખ પામે છે તે સુખ ચક્રવર્તી પણ પામતા નથી.

**સૂત્ર–૧૩૫ થી ૧૩૮**

૧૩૫. નિઃશલ્ય મુનિના મહાવ્રતો, અખંડ-અતિચાર રહિત મુનિના મહાવ્રતો નિયાણશલ્યથી નાશ પામે છે.

૧૩૬. તે રાગગર્ભિત, દ્વેષગર્ભિત અને મોહગર્ભિત ત્રણ ભેદે છે, ધર્મ માટે હીનકુલાદિની પ્રાર્થના તે મોહગર્ભિત.

૧૩૭. રાગગર્ભિતમાં ગંગદત્ત, દ્વેષગર્ભિતમાં વિશ્વભૂતિ આદિ, મોહગર્ભિતમાં ચંડપિંગલાદિના દૃષ્ટાંત છે.

૧૩૮. જે મોક્ષસુખને અવગણીને અસારસુખના કારણ રૂપ નિયાણું કરે છે, તે પુરુષ કાચમણિને માટે વૈડૂર્યમણિનો નાશ કરે છે.

**સૂત્ર–૧૩૯ થી ૧૪૧**

૧૩૯. દુઃખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ, બોધિલાભ એટલું પ્રાર્થવુ, તે સિવાય બીજું કંઈ પ્રાર્થવું નહી.

૧૪૦. નિયાણશલ્ય ત્યાગી, રાત્રિભોજન થકી નિવૃત્ત થઈ, સમિતિ-ગુપ્તિ વડે પાંચ મહાવ્રત રક્ષતો મોક્ષસુખની સાધના કરે.

૧૪૧. ઇન્દ્રિય વિષય આસક્ત જીવો સુશીલગુણરૂપ પીંછારહિત છિન્ન પાંખવાળા પક્ષીવત્ સંસારસાગરમાં પડે છે.

**સૂત્ર–૧૪૨ થી ૧૪૪**

૧૪૨. જેમ શ્વાન સૂકાયેલા હાડકા ચાટવા છતા તેના રસને ન પામે, પોતાના તાળવાને શોષવે છે, છતાં ચાટતા તે સુખ માને છે.

૧૪૩. સ્ત્રીસંગસેવી પુરુષ કંઈપણ સુખ ન પામવા છતાં બાપડો પોતાના શરીરના પરિશ્રમને સુખ માને છે.

૧૪૪. સારી રીતે શોધવા છતાં કેળના ગર્ભમાં જેમ કોઈ સાર નથી, તેમ ઇન્દ્રિય વિષયોમાં ઘણું શોધવા છતાં કોઈ સુખ મળતું નથી.

**સૂત્ર–૧૪૫, ૧૪૬**

૧૪૫. શ્રોત્રથી પરદેશ ગયેલા સાર્થવાહની સ્ત્રી, ચક્ષુરાગથી મથુરાનો વાણિયો, ઘ્રાણથી રાજપુત્ર, જીહ્વાથી સોદાસ હણાયો.

૧૪૬. સ્પર્શનેન્દ્રિયથી દુષ્ટ સોમાલિકારાજા નાશ પામ્યો. એકૈક વિષયે તે નાશ પામ્યા, તો પાંચે ઇન્દ્રિયોમાં આસક્તનું શું?

**સૂત્ર–૧૪૭ થી ૧૫૦**

૧૪૭. વિષયની અપેક્ષા કરનાર દુસ્તર ભવસમુદ્રમાં પડે છે, અને વિષય નિરપેક્ષ ભવસમુદ્રને તરે છે, તે માટે દ્વીપની દેવીને મળેલા બે ભાઈનું દૃષ્ટાંત છે.

૧૪૮. રાગની અપેક્ષાવાળા ઠગાયા છે અને રાગની અપેક્ષા વિનાના નિર્વિઘ્ને ઈચ્છિતને પામ્યા છે, તેથી પ્રવચનનો સાર પામેલા જીવે રાગથી નિરપેક્ષ થવું.

૧૪૯. વિષયાસક્તિવાળા જીવો ઘોર સંસારસાગરમાં પડે છે અને વિષયાસક્તિ રહિત જીવો સંસારાટવી ઓળંગી જાય છે.

૧૫૦. તેથી હે ધીર ! ધૃતિબળ વડે દુર્દાંત ઇન્દ્રિયોને તું દમ. તેમ કરીને રાગ-દ્વેષરૂપી શત્રુ જીતીને તું આરાધનાપતાકા સ્વીકાર કર.

**સૂત્ર–૧૫૧ થી ૧૫૩**

૧૫૧. ક્રોધાદિ વિપાકને અને તેના નિગ્રહથી થતા ગુણને જાણીને હે સુપુરુષ ! તું પ્રયત્નથી કષાય કલેશનો નિગ્રહ કર.

૧૫૨. ત્રિલોકમાં જે અતિ તીવ્ર દુઃખ છે, જે ઉત્તમ સુખ છે. તે સર્વ ક્રમશઃ કષાયવૃદ્ધિ અને ક્ષયનું કારણ જાણ.

૧૫૩. ક્રોધથી નંદ આદિ, માન વડે પરશુરામ આદિ, માયાથી પાંડુ આર્યા, લોભથી લોભનંદ આદિ પીડાયા.

**સૂત્ર–૧૫૪, ૧૫૫**

૧૫૪. આ ઉપદેશામૃત પાનથી ભીના થયેલ ચિત્ત વિશે, જેમ તરસ્યો પાણી પીને શાંત થાય, તેમ શિષ્ય સ્વસ્થ થઈ કહે છે –

૧૫૫. ભંતે ! હું ભવરૂપી કાદવને તરવા દૃઢ લાઠી સમાન આપની હિતશિક્ષાને ઇચ્છું છું. આપે જે જેમ કહ્યું તેમ હું કરું છું, એમ વિનયથી નમેલો તે કહે છે.

**સૂત્ર–૧૫૬ થી ૧૫૯**

૧૫૬. જો ક્યારેય અશુભ કર્મોદયથી શરીરમાં વેદના કે તૃષાદિ પરીષહો ઉપજે,

૧૫૭. તો નિર્યામક ક્ષપકને સ્નિગ્ધ, મધુર, હર્ષદાયી, હૃદયંગમ, સત્ય વચન કહેતા શીખામણ આપે.

૧૫૮. હે સત્પુરુષ ! ચતુર્વિધ સંઘ મધ્યે મોટી પ્રતિજ્ઞા કરેલી કે હું સમ્યક્ આરાધના કરીશ, તેનું સ્મરણ કર.

૧૫૯. અરિહંત-સિદ્ધ-કેવલી-સર્વસંઘની સાક્ષીએ પ્રત્યક્ષ કરેલ પચ્ચક્ખાણનો ભંગ કોણ કરે ?

**સૂત્ર–૧૬૦ થી ૧૬૪**

૧૬૦. શિયાલણીથી ખવાતા, ઘોર વેદના પામતા, પણ અવંતિસુકુમાલ ધ્યાન વડે આરાધના પામ્યા.

૧૬૧. મોક્ષ જેને પ્યારો છે એવા ભગવન્ સુકોશલ પણ ચિત્રકૂટ પર્વતે વાઘણથી ખવાતા મોક્ષ પામ્યા.

૧૬૨. ગોકુળમાં પાદપોપગમન અનશન કરનાર ચાણક્ય મંત્રી, સુબંધુએ સળગાવેલા છાણાથી બળાયા છતા ઉત્તમાર્થને પામ્યા.

૧૬૩. (પ્રક્ષેપ) રોહિડગમાં ઋષિને શક્તિપ્રહારથી વિંધ્યા તે વેદના સહી ઉત્તમાર્થને પામ્યા..

૧૬૪. તેથી હે ધીર ! તું સત્ત્વને અવલંબીને ધીરતા ધારણ કર, સંસારરૂપી સમુદ્રનું નૈર્ગુણ્ય વિચાર.

૧૬૫. જન્મ-જરા-મરણરૂપી પાણીવાળો, અનાદિ, શ્વાપદ આદિથી વ્યાપ્ત, જીવોને દુઃખના હેતુરૂપ ભવસમુદ્ર કષ્ટદાયી અને રૌદ્ર છે.

**સૂત્ર–૧૬૬ થી ૧૬૮**

૧૬૬. હું ધન્ય છું કે મેં અપાર ભવસમુદ્રમાં લાખો ભવમાં પામવાને દુર્લભ આ સદ્ધર્મ યાન મેળવ્યું છે.

૧૬૭. એક વાર પ્રયત્નથી પળાતા આના પ્રભાવથી, જીવો જન્માંતરમાં દુઃખ અને દારિદ્ર પામતા નથી.

૧૬૮. તે અપૂર્વ ચિંતામણી રત્ન છે, અપૂર્વ કલ્પવૃક્ષ છે, પરમમંત્ર છે, પરમ અમૃત સમાન છે.

**સૂત્ર–૧૬૯ થી ૧૭૧**

૧૬૯. હવે મણિમય મંદિરમાં સુંદર રીતે સ્ફુરાયમાન જિનગુણરૂપ અંજનરહિત ઉદ્યોતવાળો, પંચ નમસ્કાર સહિત પ્રાણોનો ત્યાગ કરે.

૧૭૦. તે ભક્તપરિજ્ઞાને જઘન્યથી આરાધીને પરિણામ વિશુદ્ધિ વડે સૌધર્મ કલ્પે મહર્દ્ધિક દેવતા થાય છે.

૧૭૧. ઉત્કૃષ્ટપણે આરાધીને તે ગૃહસ્થ અચ્યુત કલ્પે દેવતા થાય છે, સાધુ હોય તો મોક્ષ સુખને પામે અથવા સર્વાર્થસિદ્ધમાં જાય.

**સૂત્ર–૧૭૨, ૧૭૩**

૧૭૨. એ રીતે યોગીશ્વર જિન વીરસ્વામીએ કહેલ કલ્યાણકારી વચનાનુસાર આ ભક્તપરિજ્ઞાને ધન્યો ભણે છે, સાંભળે છે, ભાવે છે.

૧૭૩. તેઓ. મનુષ્ય ક્ષેત્રમાં વિચરતા અને સિદ્ધાંતમાં કહેલ ૧૭૦ તીર્થંકર માફક, ૧૭૦ ગાથાની વિધિપૂર્વક આરાધતો આત્મા શાશ્વત સુખવાળા મોક્ષને પામે છે.

## ભક્તપરિજ્ઞા–પ્રકીર્ણક સૂત્ર–૪નો
## મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં 165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति-**1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति-**2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| | મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ **DVD** તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 36 1120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૨૭

# ભક્તપરિજ્ઞા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397